# પ્રકરણ : ૧૦

## દારૂબંધી અંગે મોરારજીભાઈ અને એદલજી મહેતા વચ્ચે થયેલ પત્ર વ્યવહાર

**-કેરસી દેબુ**

મુંબઈ રાજયમા મોરારજીભાઈએ દારૂબંધીની ઘોષણા કરતા દારૂ ભેગા તાડી પર પણ પ્રતિબંધ મુકવામા આવતા તાડીના શોખીનો અકળાયા હતા. દક્ષિણ ગુજરાતમા તાડી પીવાનું પ્રમાણ અન્ય સ્થળો કરતા વધુ હતું. નવસારી પંથકના પારસીઓ તાડીના ખાસ શોખીન હતા. નવસારીના પારસીઓએ તો ભેગા મળી તાડી પીવા માટે ‘કલબ’ ની પણ સ્થાપના કરી હતી.

દારૂ-તાડી પર પ્રતિબંધ મુકાતા નવસારીના પારસી મિત્રો મોરારજીભાઈના શિક્ષક, આવાબાઈ હાઈસ્કુલના હેડમાસ્તર શ્રી એદલજી મહેતાએ મિત્રોના આગ્રહને વશ થઈ મોરારજીભાઈ ઉપર તાડી મુક્તિ કરવા માટે પત્ર લખ્યો હતો. જેના જવાબ મોરારજીભાઈએ આપ્યો હતો. (મોરારજીભાઈના સ્વહસ્તે લખાયેલો આ પત્ર મારી પાસે મોજુદ છે.)

એદલજી મહેતા
ઝાંપા મહોલ્લો, મલેસર,
નવસારી ૩૯૬૪૪૫
તા.૦૧/૦૫/૧૯૫૧

માનનીય મોરારજીભાઈ,

આશા છે કુશળ હશો.

આ પત્ર આપશ્રીને મુંબઈ રાજયમા દારૂબંધીના અનુસંધાનમા લખી રહ્યો છું અને સાથે મારા સ્વાનુભવ તથા આ વિષયમાં કેટલાક નિષ્ણાંતોના મંતવ્ય મોકલી રહ્યો છું.

અમારા પારસી સમાજમા ખાસ કરીને દારૂ પીવાનો રિવાજ સામાન્ય છે અને પારસીઓ સેંકડો વર્ષોથી મર્યાદિત પ્રમાણમા તેનો ઉપયોગ કરતા આવેલા છે. આમ છતાં દારૂને કારણે કોઈ પરિવાર બરબાદ થયા હોય તેવા ખૂબ જ મર્યાદિત દાખલા મળી આવી શકે. જે લોકો મર્યાદા બહારનો નશો કરે છે અને બરબાદ થાય છે. તેવા લોકોની સંખ્યા જુજ હોઈ શકે અને એવા નાના વર્ગને કારણે સમગ્ર જનતાને દારૂબંધીમા સામેલ કરવી યોગ્ય લાગતું નથી.

મર્યાદિત પ્રમાણમાં દારૂ પીવાથી એકંદરે તંદુરસ્તીને લાભ થાય છે. એ મતલબના આ વિષયના નિષ્ણાંતોના મંતવ્યો જે છાપામાં આવ્યા છે. તેના કટીંગો આ સાથે સામેલ છે જે જોઈ જવા વિનંતિ.

શુધ્ધ અને તાજી તાડી તો અમૃત સમાન છે અને તેના અગણિત ફાયદાઓ પુરવાર થયેલા છે. તાડીએ ઝાડમાંથી નીકળતો કુદરતી પદાર્થ છે અને સ્વાસ્થય માટે બિલકુલ હાનિકારક ગણી શકાય નહિ.

કોઈપણ દ્રવ્યનો અમર્યાદ અને વધુ પડ્તું સેવન નુકશાન કરે જ છે પરંતુ તે રીતે વધુ પ્રમાણમાં દારૂ-તાડી પીને જાતે નુકશાન કરનારા બહુ ઓછા પ્રમાણમાં છે અને તેના કારણે સમગ્ર પ્રજા પર પ્રતિબંધ લાદવો યોગ્ય નથી.

હું મારા સ્વાનુભાવથી કરી શકું કે મેં વર્ષોથી નિયમિત તાડી પીધી છે છતાં મારા સ્વાસ્થયને કોઈ જ નુકશાન થયું નથી. આજે ૮૦ વર્ષની ઉંમરે પણ મારૂં સ્વાસ્થય ખૂબ જ સારૂં છે.

દારૂબંધીને કારણે સરકારને પણ કરોડો રૂપિયાનું નુકશાન થાય છે તથા દારૂબંધીના અમલ કરાવવા માટે મોટી ફોજ પોષવામાં આવે છે. જયારે બીજી તરફ ગેરકાયદેસર દારૂ તાડી સર્વત્ર મળે છે. માત્ર કાયદેસરના પીઠા બંધ થયા અને અસામાજીક તત્વો આ કાયદાનો ગેરફાયદો ઉઠાવી રહ્યા છે. સમાજનો મોટો વર્ગ ચોરીછુપીથી દારૂ તાડી આજે પણ પી રહ્યા છે. ગરીબ વર્ગ જે ગેરકાયદેસર ગાળેલો દારૂ પી રહ્યા છે. જે ખૂબ જ હલકી કક્ષાનો અને સ્વાસ્થય માટે જોખમકારક છે. શુધ્ધ દારૂ મળતો બંધ થયો અને હલકી કક્ષાનો અને સ્વાસ્થય માટે જોખમકારક છે. શુધ્ધ દારૂ મળતો બંધ થયો અને હલકી કક્ષાનો હાનિકારક દારૂ સર્વત્ર મળતો થયો. દારૂબંધીના કારણે દારૂ પીવાનો બંધ થઈ જશે એવી માન્યતા બિલકુલ ખોટી પુરવાર થઈ છે.

જે રીતે ખજૂરીના ઝાડો પણ કાપી નાખવામા આવે છે તે પણ યોગ્ય નથી.

આપશ્રીને દારૂબંધી અંગે ફેરવિચાર કરી મર્યાદિત મુક્તિ તથા તાડીને સંપૂર્ણ મુકત કરવા મારી હૃદયપૂર્વકની વિનંતિ છે.

આભાર,

લિ.

આપનો આભારી,

(એદલજી મહેતા)

માસ્તર

સેક્રેટરિયર
મુંબઈ-૧
તા.૨૪-૦૪-૨૦૫૧

મુ. માસ્તર સાહેબ,

આપના બંને લખાણો તથા સાથેના કટીંગો હું જોઈ ગયો છું. દારૂબંધી અંગેના મારા વિચારો નવા નથી. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી આ દેશમાં આવી સ્વરાજની લડત ઉપાડી ત્યારથી જ દારૂબંધીને એમણે મુખ્ય કાર્યક્રમોમાંના એક તરીકે ગણાવ્યો છે. પહેલાના વખતમાં માદક દ્રવ્યોનો ઉપયોગ થતો હશે એની ના નથી પરંતુ ધીમે ધીમે અંગ્રેજી રાજયમાં આ અનિષ્ટને સરકારી તંત્ર મારફતે એવું સજ્જડ બનાવવામાં આવ્યું છે કે એને કાઢ્યા સિવાય ગરીબ અને અજ્ઞાન પ્રજાનો ઉધ્ધાર કરવાનું અશકય જ દેખાયું. વળી ઉપલા વર્ગમાંથી પણ જેઓ આ લતમાં ફસાયા છે એમના કુટુંબના કુટુંબ તારાજ થયા છે. એ પણ અનુભવ છે. સંયમથી મર્યાદામાં જ નશો કરનારા અમુક વર્ગને બાદ કરતાં બાકીની પ્રજા દારૂતાડીની લતથી ઘણી તારાજી ભોગવી રહી હતી એ વિશે બે મત ન હોઈ શકે. થોડા લોકોની લહેજત ખાતર આખી પ્રજાને દોજખમાં રાખવાનું કોઈપણ ડાહી સરકાર પસંદ નહી કરે આ મારી માન્યતા છે અને એ વિચારસરણીના પાયા ઉપર સરકારે દારૂબંધીનો કાર્યક્રમ અમલમાં મૂકયો છે.

આપે ખાસ કરી તાડીના ફાયદા ગુણાવ્યા અને તે અનુભવ ઉપરથી જ કર્યું છે એ અંગે શંકા નથી. બીજી રીતે કુદરતી અને શુધ્ધ જીવન જીવનારા માણસોએ તાજી અને ચોખ્ખી તાડી પીને પોતાના શરીર અંગે ફાયદો ઉઠાવ્યો હોય તો તે વિશે હું મતભેદ નથી ઉઠાવતો અલબત્ત માણસજી નૈતિક ઉન્નતિમાં આ વિચારે શું ભાગ ભજવ્યો છે એ વાત અલગ ન રાખીએ. દારૂને વિશે ઉપરની વાત ભાગ્યે જ લાગુ પાડી શકાય. એ દ્રવ્ય જલદ છે અને સહેજે વધારે લેવામાં એટલે નુકશાનકારક થાય. નિયમિત રીતે થોડા પ્રમાણમાં દારૂ લેવાથી એકંદરે ફાયદો થાય એવું મારા માનવામાં નથી આવતું. તાડીને બંધીમાંથી બાદ રાખવા માટે આ પહેલાં મારી પાસે ઘણા લખાણો આવ્યાં. તાડીને વાસી બનાવવાનું અને બીજી રીતે બગાડવાનું ઘણું સહેલું છે. તાડીના પીંઠા કઈ રીતે ચાલતા એ મેં નજરોનજર જોયેલું છે. ગરીબ માણસો મર્યાદા બહાર પીને તેઓ ન કરે અને તારાજ થાય એ બીજી રીતે અટકાવવાનું શકય નથી લાગ્યું. નીરાનો પણ પ્રયોગ ચાલે છે. અલબત્ત એ પીણું બનેલું લાગે તો જ એને ચાલુ રાખી શકાય. ખજુરીના ઝાડોમાં જે કિંમતી જમીનો રોજાયેલી છે એનો અનાજ, કપાસ કે શાકભાજી વાવવામાં ઉપયોગ થઈ શકશે.

આપે ખાસ કરી તાડીના ફાયદા ગણાવ્યા અને તે અનુભવ ઉપરથી જ કર્યું છે એ અંગે શંકા નથી. બીજી રીતે કુદરતી અને શુધ્ધ જીવન દારૂબંધીની સામે અનેક દલીલો કરવામાં આવે છે. એ બધાનો મેં તો એક યા બીજે પ્રસંગે જવાબ આપ્યો જ છે. સરકારની દસ કરોડની કટોકટી આવક પાછળ પ્રજાના સાઈઠ કરોડ વેડફાતા હતા એવું અનુમાન બાંધી શકાય અને એ પૈસા મોટે ભાગે ગરીબોના ગજવામાંથી જ જતા. જેમને ખાવાની વહેંચવાની અને રહેવાની પુરી સગવડ નથી. એવા લોકો જ માદક દ્રવ્યોનો ભોગ બની ગાંડા થતા અને પશુ જીવન જીવતા.

આજે ચોરીછુપીથી દારૂ બનાવવાનું કે તાડી છેજવાનું ચાલે છે એ સાચું છે પરંતુ એ બાબતમાં ખોટો ઉહાપોહ ખુબ થાય છે. દારૂબંધી પહેલાં જેટલું પીવાતું તેનાથી આજે એકંદરે દસ ટકા પણ નહીં પીવાતું હોય. ગામડાના ગરીબો અને શહેરના મોટાભાગના મીલમજૂરોના હાલ સુધરી ગયા છે એ તો સ્પષ્ટ દેખાય આવે છે. લોકો વધુ અનાજ ખાતા થયા છે. કપડાં પહેરતા થયા છે અને બીજી રીતે પણ કંઈક માણસ થયા છે. જેમને પીવાનું મોજમજા ખાતર હતું. એમને જ ખાસ મુશ્કેલી ઊભી થઈ છે. ગરીબોની ખાતર અને એકંદરે આ પત્રમાંથી પ્રજાની જે ઉન્નતિ થઈ રહી છે. તે જોઈને એમણે પોતાની મજા અને મનોરંજન માટે બીજો સારો માર્ગ શોધવો જ જોઈએ.

મારી ઉપરની વાતનો આપ વિચાર કરી જોશો એવી મારી આપને વિનંતી છે. આપનો પોતાનો અભિપ્રાય આપે પ્રમાણિકતાથી લખ્યો છે એ હું સમજી શકું છું પરંતુ એનાથી ઉલ્ટો અનુભવ બીજા અનેક માણસોને થયો છે અને આજે પણ જે પગલું લેવાયું છે તેને બહુજન સમાજનો ટેકો છે એવી મને તો ખાતરી છે.

ખજુરાં કાપવાનો એક મુદ્દો આપે ઉપસ્થિતિમાં કર્યો છે. ૧૯૩૦-૩૧ ની સત્યાગ્રહની લડત વખતે આપણે ત્યાં ખજુરા કાપવાની સગવડ અપાતી હતી ત્યારે થોડા ઝાડો કપાયેલા. પછી તો વ્યક્તિગત રીતે લોકો પોતાના ઝાડો કાપતા હતા. ૧૯૩૯ થી ૧૯૪૫ સુધીના ગાળામાં તો આપણા જીલ્લામા ઝાડી કપાયાની મને ખબર નથી.

પત્ર મારફતે આ આખો મુદ્દો આપને પુરેપુરો સમજાવવાનું શકય પણ નથી તેમજ એમ કરવું અનુકૂળ પણ નથી. આપણે કોઈવાર રૂબરૂમાં મળીશું તો એની ચર્ચા કરીશું.

- લિ. મોરારજી દેસાઈ